પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૦૮ | ૨૭ જુન, ૨૦૨૩, મંગળવાર; અષાઢ સુદ - ૦૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉત્તર ભારતમાં મેઘતાંડવ : હિમાચલમાં પૂર

## ઉત્તર ભારતમાં પૂર-ભૂસ્ખલન : સાતનાં મોત : ઉ. ભારતના કેટલાક વિસ્તારોમાં ૪-૫ દિવસ ભારે વરસાદની આગાહી, હિમાચલમાં ૧૦૦થી વધુ રસ્તાઓ બ્લોક

નવી દિલ્હી, તા.૨૬

ઉત્તર ભારતમાં વરસાદના કારણે સ્થિતિ કથળી રહી છે. હિમાચલ પ્રદેશમાં સતત વરસાદ વરસી રહ્યો છે. તથા પૂર આવતા ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ ઉત્તરાખંડમાં વીજળી પડતા ૧ યુવકનું મોત થયું છે. જ્યારે બીજી બાજુ વીજળી પડતા ૪૦૦ બકરીઓના મોત થતા ચકચાર મચી ગઈ છે. હજુ આગામી ૪થી ૫ દિવસ સુધી ધોધમાર વરસાદ પડવાની સંભાવના છે. ઉત્તર ભારતના લોકો ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે છેલ્લા ઘણા સમયથી ચોમાસુ બેસે એની રાહ જોઈ રહ્યા હતા. જોકે આ દરમિયાન તેમનું સપનું પૂરૂ તો થયું પરંતુ જોતજોતામાં એકસાથે એટલો ધોધમાર વરસાદ



પડવાનું શરૂ થયું કે અચાનક પૂર, ભૂસ્ખલન અને જમીન ધરાશાયી થઈ ગઈ છે. આ દરમિયાન ૭ લોકોના મોત નીપજ્યા છે. વિગતો પ્રમાણે હિમાચલ પ્રદેશમાં ધોધમાર વરસાદ ખાબકી જતા અચાનક પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. આ દરમિયાન ૧૨થી વધુ વાહનો પાણીમાં તણાઈ ગયા છે. એટલું જ નહીં આ દુર્ઘટનામાં ૩ લોકોના મોત નીપજ્યા હોવાનું પણ સામે આવ્યું છે. જ્યારે ૧૦૦થી વધુ રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. આ પૈકી ડેમમાં ગાડી પડી જતા એમાં સવાર ૨ લોકો તણાઈ ગયા હોવાનું સામે આવ્યું છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ડ્રાઈવરે ભારે વરસાદના પગલે વિઝિબલિટી ગુમાવી દીધી હતી. આ દરમિયાન તેણે ગાડી પરથી કંટ્રોલ ગુમાવી દીધો અને તે પલટી ખાઈ ગઈ હતી. તો બીજી બાજુ ટ્રેકિંગ ગ્રુપના સભ્ય એવા શખસનું પણ મોત નીપજ્યું હતું. હવે હિમાચલ પ્રદેશમાં આકસ્મિક પૂર જેવી સ્થિતિનું નિર્માણ થતા વીજળી વ્યવહાર ઠપ થઈ ગયો હતો. એટલું જ નહીં આગામી ૨૪ કલાક હિમાચલ પ્રદેશમાં પૂર જેવી સ્થિતિ વધુ વણસી શકે એવી આગાહી પણ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરાખંડમાં વીજળી પડતા એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. ૨૦ વર્ષીય યુવાન પર અચાનક વીજળી પડતા તેનું મોત થયું છે. એટલું જ નહીં બીજી બાજુ ૩ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. બગેશ્વરમાં વીજળી પડતા ૪૦૦ બકરીઓના મૃત્યુ થયા છે. આ રીતે વીજળી

● અનુસંધાન પાન-૭ પર




# કોઈપણ કાર્યવાહી વીના પીઓકે ભારતમાં ભળી જશે : રાજનાથ સિંહ

## પીઓકે અંગે ભારતના સંરક્ષણ મંત્રીનું મહત્વપૂર્ણ નિવેદન

જમ્મુ-કાશ્મીર, તા.૨૬

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આજે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) અંગે મહત્વનું નિવેદન આપ્યું છે. રાજનાથ સિંહે કહ્યું કે, પીઓકેને ભારતમાં ભેળવી દેવાની માંગ થઈ રહી છે, જેમાં અમારે કંઈ જ કરવાની જરૂર નહીં પડે. જમ્મુમાં રાષ્ટ્રીય સુરક્ષા અંગેના સંમેલનમાં સંરક્ષણ મંત્રીએ આતંકવાદ અંગે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીના કાર્યકાળમાં ભારતે આતંકવાદ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે.

પીઓકેઅંગે રાજનાથસિંહે કહ્યું કે, ત્યાંનો લોકો જ ભારતમાં ભેળવવાની સતત માંગ કરી રહ્યા



છે. આવી સ્થિતિમાં અમારે વધુ કશું કરવાની જરૂર નહીં પડે. જમ્મુમાં રાજનાથ સિંહે પાકિસ્તાન ઉપરાંત ચીન અંગે પણ નિવેદન આપતા કહ્યું કે, અમારી સેનાએ એલએસીપર ચીનને જોરદાર જવાબ આપ્યો છે. પાકિસ્તાનની જમીન પરથી ફેલાતા આતંકવાદ અંગે રાજનાથ સિંહે કહ્યું કે, જ્યારે ૨૦૧૯માં પુલવામા હુમલો થયો, ત્યારે વડાપ્રધાન મોદીએ ૧૦ મિનિટની અંદર જ એક્શન લેવાનો નિર્ણય કર્યો, તે ઘટના બાદ જ ભારતીય સેનાએ સીમા પાર ઘૂસી આતંકવાદીઓનો ખાતમો કર્યો... રાજનાથે સ્પષ્ટ કહ્યું કે, જો જરૂર પડશે તો ભારત સીમા પાર જઈને પણ દુશ્મનોનો ખાત્મો બોલાવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

sarthak satvik®

**JOB OPENING**

Sarthak Organisers Pvt. Ltd is hiring following positions for its Ahmedabad/ Gandhinagar location.

1. **Civil Engineer** (engineering diploma holders) with 3-5 years experience for new site development at Bhat, Gandhinagar
2. **Marketing Manager** for its A2 Cow Dairy Products. Graduates/postgraduates in business administration/ management with 2- 4 years experience.

Interested candidates may send their updated CV to **karan@sarthaksatvik.com** by **5th July 2023**.




# મણિપુરમાં આતંકવાદીઓના ૧૨ બંકરનો સફાયો

ઈમ્ફાલ, તા.૨૬

મણિપુરમાં લગભગ ૨ મહિનાથી હિંસા ચાલી રહી છે. આ દરમિયાન પોલીસ અને સુરક્ષા દળોએ પણ આતંકવાદીઓ સામે કાર્યવાહી ઝડપી કરી છે. સુરક્ષા દળોએ છેલ્લા ૨૪ કલાકમાં હિંસાગ્રસ્ત મણિપુરના વિવિધ જિલ્લાઓમાં આતંકવાદીઓ દ્વારા બાંધવામાં આવેલા ૧૨ બંકરોને નષ્ટ કરી દીધા છે.

મણિપુર પોલીસ દ્વારા જારી કરાયેલા નિવેદન પ્રમાણે, રાજ્ય પોલીસ અને કેન્દ્રીય દળોએ તામેંગલોંગ, ઈમ્ફાલ ઈસ્ટ, બિષ્ણુપુર, કાંગપોકપી, ચુરાચંદપુર અને કાકચિંગ જિલ્લામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

આ દરમિયાન ૧૨ બંકરો નષ્ટ કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, સર્ચ ઓપરેશન દરમિયાન, પોલીસને સાહુમફાઈ ગામમાં ડાંગરના ખેતરમાંથી ત્રણ ૫૧એમએમ મોર્ટાર શેલ, ત્રણ ૮૪ એમએમ મોર્ટાર શેલ અને આઈઈડી મળી આવ્યા હતા. બોમ્બ ડિસ્પોઝલ ટીમે આઈઈડીનો પણ નાશ કર્યો હતો.

# ઘાટીમાં છ સ્થળો પર NIAના દરોડા

જમ્મુ, તા.૨૬

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આજે જમ્મુ-કશ્મીર ઘાટીમાં લગભગ છ સ્થળો પર દરોડા પાડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરોડા આતંકવાદી ગતિવિધિ સાથે જોડાયેલા એક કેસની તપાસના સંદર્ભમાં કરવામાં આવ્યા છે. આજે સવારે સુરક્ષા દળો સાથે એજન્સીની ટીમો બાંદીપોરા, કુલગામ, પુલવામા અને શોપિયાં પહોંચી હતી. રાજ્યના આ ચાર જિલ્લામાં છ સ્થળોએ તપાસ કરવામાં આવી રહી છે.

અગાઉ મંગળવારે, રાજ્ય તપાસ એજન્સીએ શ્રીનગરમાં રાષ્ટ્રવિરોધી અને અલગતાવાદી પ્રવૃત્તિઓ માટે સોશિયલ મીડિયાના દુરુપયોગના સંબંધમાં ઘાટીના ચાર જિલ્લામાં છ સ્થળોએ દરોડા પાડ્યા હતા.




**ફ્લેટ વેચવાનો છે**

સેક્ટર-૨૯માં ચ-છ સર્કલની પાસે, 2 BHK ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે.
પ્લોટ નં. ૧૯૯, ફ્લેટ નં.૧, સેક્ટર-૨૯, ગાંધીનગર

**મો. ૯૭૨૩૦ ૨૫૮૭૯**

